# વેસ્ટર્ન આઉટફિટ્સ સાથે મંગળસૂત્ર?!





મોડર્ન યુવતીઓને એક મુંઝવણ હોય છે કે જીન્સ, ડ્રેસ કે વેસ્ટર્ન વેર સાથે એમની સાંસ્કૃતિક ઓળખ-પરંપરા કેવી રીતે જાળવી રાખે? એક તરફ એ લગ્નનાં વચનો નિભાવવા ઈચ્છે છે પરંતુ ટ્રેડિશનલ ભારે મંગળસૂત્ર વેસ્ટર્ન આઉટફિટ્સ સાથે મેળ ખાતાં નથી પરંતુ આજકાલ ફેશનમાં ટ્રેડિશન અને મોડર્નિટીનો ખૂબસૂરત મેળ જોવા મળે છે. બોલિવૂડની સ્ટાઈલ આઈકોન દીપિકા પાદુકોણ અને આલિયા ભટ્ટે મંગળસૂત્રને વેસ્ટર્ન વેર સાથે સ્ટાઈલ કરી એક નવો ટ્રેન્ડ બનાવ્યો છે. મંગળસૂત્ર હવે માત્ર પરંપરાનું એક પ્રતીક નહીં પરંતુ એક સ્ટાઈલ સ્ટેટમેન્ટ પણ બની ગયું છે. તમે ગાઉન, બ્લેઝર કે શોર્ટ ડ્રેસ સાથે એ પહેરી તમારા લુકને એલિગન્ટ અને ટ્રેન્ડી બનાવી શકો છો.

## તમે પણ જાણવા ઈચ્છતાં હો કે વેસ્ટર્ન આઉટફિટ સાથે મંગળસૂત્ર કેવી રીતે સ્ટાઈલ કરવું તો આ ટિપ્સ તમારા માટે....

વેસ્ટર્ન વેર સાથે મંગળસૂત્ર પહેરવાની સૌથી સારી રીત છે 16'' થી 18''ની નાની ચેન અને મિનિમલિસ્ટ પેન્ડન્ટ ડિઝાઈન. ભારે ટ્રેડિશનલ સોનાનું મંગળસૂત્ર સાદા વેસ્ટર્ન ટોપ પર હાવી થઈ જાય છે. એને બદલે બ્લેક બીડ્સની સિંગલ લાઈનની ચેન કે ડાયમંડ સોલિટેર પેન્ડન્ટ પસંદ કરો જે મોડર્ન ફેશન જ્વેલરી જેવાં દેખાશે. વર્સેટાઈલ લુક માટે મંગળસૂત્ર બ્રેસલેટ ટ્રાય કરી શકાય જે ઘડિયાળ અને ઓફિસ વેર સાથે સહેલાઈથી મેચ થાય છે.

### ચેનની લંબાઈ



વેસ્ટર્ન સ્ટાઈલિંગનો સૌથી મહત્ત્વપૂર્ણ નિયમ છે ચેનની લંબાઈ 16'' થી 18'' રાખો જેથી એ કોલરબોન પર એક સામાન્ય નેકલેસની જેમ બેસે. બસ્ટ લાઈનની નીચે લટકતી લાંબી ચેન અજીબ લાગે છે. ટી શર્ટ કે બ્લેઝર જેવા વેસ્ટર્ન વેર સામાન્ય રીતે સ્ટ્રક્ચર્ડ ફીટ હોય છે. નાનું મંગળસૂત્ર ગરદન પાસે દેખાય છે અને આકર્ષક લાગે છે. જો ધાર્મિક કારણોસર તમારે લાંબું મંગળસૂત્ર પહેરવું હોય તો એ શર્ટની અંદર પહેરો અને બહાર એક નાનો ફેશન નેકલેસ પહેરો જેથી આખો લુક એક્સરખો લાગે.

### મિનિમલિસ્ટ પેન્ડન્ટ

વેસ્ટર્ન આઉટફિટ્સ સાથે ટ્રેડિશનલ થાળી મંગળસૂત્રને બદલે જ્યોમેટ્રિક શેપ, એબસ્ટ્રેક્ટ કર્વ્સ કે સિમ્પલ સોલીટેર પેન્ડન્ટ પસંદ કરો. મોટાં, સોનાનાં પેન્ડન્ટ મંગળસૂત્ર કેઝ્યુઅલ ડેનિમ કે ફોર્મલ બિઝનેસ સૂટ સાથે ખરાબ લાગે છે.

માર્કેટમાં તમને ઈન્ફિનિટી સિમ્બોલ, નાના વર્તુળ અને હોરિઝોન્ટલ બાર્સ ડિઝાઈનના મંગળસૂત્ર મળે છે. એનાથી મંગળસૂત્ર એક સ્ટાઈલિશ એક્સેસરી તરીકે કામ કરે છે. જેનું સાંસ્કૃતિક મહત્ત્વ પણ છે. કાળાં મોતી મેટલ સાથે સારું કોન્ટ્રાક્ટ સર્જે છે પરંતુ પેન્ડન્ટ લાઈટ હોવું જોઈએ.

### મેટલના કલર્સને કો-ઓર્ડિનેટ કરો

મંગળસૂત્રની મેટલના કલરને તમારી બાકીની એક્સેસરીઝ અને આઉટફિટ્સ સાથે મેચ કરો જેથી લુક આકર્ષક લાગે. યલો ગોલ્ડ ટ્રેડિશનલ છે પરંતુ રોઝ ગોલ્ડ અને વ્હાઈટ ગોલ્ડ મોટા ભાગે વેસ્ટર્ન ફેશન ટ્રેન્ડ સાથે સારો મેળ ખાય છે.





રોઝ ગોલ્ડ વધારે લોકપ્રિય છે કારણ કે એ વેસ્ટર્ન વોર્ડરોબમાં સામાન્ય રીતે જોવા મળતાં બેજ, સફેદ અને પિન્ક જેવા રંગ સાથે સારી રીતે મેળ ખાય છે. જો તમારી ઘડિયાળ સિલ્વર હોય અને હેન્ડબેગમાં પણ સિલ્વર હોય તો વ્હાઈટ ગોલ્ડનું મંગળસૂત્ર પહેરવાથી એક્સરખો લુક લાગશે. વધારે પડતાં મેટલ ટોન્સ મિક્સ કરવાથી આઉટફીટ ખરાબ લાગી શકે છે. જો તમારી પાસે માત્ર પીળા સોનાનું જ મંગળસૂત્ર હોય તો બાકીની એક્સેસરી મિનિમલ રાખો અથવા યલો ગોલ્ડ સ્ટડ ઈયરીંગ્સ પહેરી લુક કમ્પ્લિટ કરો.

મંગળસૂત્ર હંમેશાં આઉટફિટના રંગ અને ડિઝાઈન પ્રમાણે સ્ટાઈલ કરો. બ્લેક ડ્રેસ સાથે ગોલ્ડન ચેન અને કાળા મોતીવાળું મંગળસૂત્ર ક્લાસિક લાગે છે. લાઈટ અને પેસ્ટલ કલર્સ સાથે મોડર્ન અને સટલ ડિઝાઈનવાળા મંગળસૂત્ર પસંદ કરો.

### લેયરિંગ

ટ્રેન્ડી 'સ્ટેક્ડ' નેકલેસ ઈફેક્ટ માટે મંગળસૂત્રને અન્ય સિમ્પલ ગોલ્ડ અથવા સિલ્વર ચેન સાથે લેયર કરો. આ ટેક્નિક મંગળસૂત્રના ટ્રેડિશનલ સ્વરૂપને છુપાવી એને એક ફેશન સ્ટેટમેન્ટમાં બદલે છે. તમારા ટૂંકા મંગળસૂત્રને બેઝ લેયર તરીકે પહેરો. એની નીચે કોઈન પેન્ડન્ટવાળી સાધારણ લાંબી ચેન કે સિમ્પલ બાર નેકલેસ પહેરો. એનાથી ધ્યાન માત્ર મંગળસૂત્ર પર નહિ પરંતુ બધા પર જાય છે. આ સ્ટાઈલ V નેક શર્ટ, બટન ડાઉન શર્ટ, ઓફ શોલ્ડર ટોપ્સ પર બહુ સારી લાગે છે. એ બોહેમિયન કે ક્લાસી લુક આપે છે જે મોડર્ન ફેશન સાથે મેળ ખાય છે.

### નેકલાઈન પર ધ્યાન આપો

તમારા ટોપની નેકલાઈન પ્રમાણે મંગળસૂત્ર પસંદ કરો જેથી એ દેખાય પરંતુ ધ્યાન ભટકાવા ન દે. જ્વેલરી તમારી ત્વચા અથવા ફેબ્રિક પર કઈ રીતે બેસે છે એ નેકલાઈન નક્કી કરે છે.



**V નેક:** એના પર ડ્રોપ પેન્ડન્ટ સારું લાગે છે કારણ કે એ V શેપની નકલ કરે છે.

**બોટ નેક:** નાના ચોકર સ્ટાઈલનું મંગળસૂત્ર એલિગન્ટ લાગે છે અને પહોળા ગળા પર નડતરૂપ નથી બનતું.



**કોલર શર્ટ્સ:** કોલરની અંદર ટૂંકી ચેન પહેરો. જેથી માત્ર પેન્ડન્ટ જ બહાર દેખાય. બોલ્ડ લુક માટે બટન્ડ અપ કોલર પર પહેરો.

**ટર્ટલ નેક:** તમે સાધારણ લાંબી ચેન (20''-22'') પહેરી શકો.

### મંગળસૂત્ર બ્રેસલેટ

**તમે ગળામાં મંગળસૂત્ર પહેરતાં અચકાતાં હો તો બ્રેસલેટ સ્ટાઈલમાં પહેરવું સારો વિકલ્પ છે. એ માત્ર ટ્રેન્ડી જ નથી પરંતુ તમારા વેસ્ટર્ન લુક સાથે ખૂબસૂરતીથી મેચ થાય છે. એને કેઝ્યુઅલ અને ફોર્મલ બંને લુક્સમાં સહેલાઈથી સામેલ કરી શકાય છે. વેસ્ટર્ન આઉટફિટ્સ સાથે મંગળસૂત્ર પહેરવું માત્ર એક ફેશન ટ્રેન્ડ નથી પરંતુ એ પરંપરા અને મોડર્નિટીનું મિક્સ કલ્ચર બની ગયું છે. જરૂર છે એને કોન્ફિડન્સ સાથે કેરી કરવાની.**